વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૦ : અંક - ૬ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : માર્ચ-૨૨ ૨૦૨૨

લોકસભામાં ખરડો મૂકાયો છે કે, લગ્ન માટે દીકરીઓની ઉંમર ૧૮ વર્ષ છે તે વધારીને ૨૧ની હોવી જરૂરી છે, આ વિષે અસંગઠિત ક્ષેત્રના શ્રમજીવી બહેનો શું વિચારે છે તેના ઉપર 'અનસૂયા' નો આ અંક છે. સમાજનું ક્લેવર બદલાતું જાય છે તે વાત તો એકે-એક લેખમાંથી બહાર આવે છે. તેમજ આ શ્રમજીવીઓ જે પીડા-વેદનામાંથી પસાર થયા છે તે દેખાય છે. આ સમગ્ર ચર્ચા બેધારી તલવાર છે... સહેલું નથી... જેના ઉપરથી આ વખતનું 'અનસૂયા' બંધાયું છે.

# સિક્કાની બે બાજુ

ડિસેમ્બર ૨૦૨૧માં લોકસભામાં બીલ મુકવામાં આવ્યું કે, કાયદાકીય રીતે લગ્ન માટે છોકરીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષની હોવી જરૂરી રહેશે.

પહેલાં ૧૮ વર્ષની ઉંમરે છોકરીઓના લગ્ન કરવા એ કાયદાકીય રીતે બરાબર હતું, હવે છોકરીઓની ઉંમર ૨૧ વર્ષની હશે તો શું એ બરાબર કર્યું? એ વિચારતા મારા મનમાં ખૂબ જ મથામણ થવા લાગી અને મારું મગજ વિચારના વહાણમાં બેસીને સારા નરસાંના મોજા વચ્ચે જોલાં ખાતું થઇ ગયું. જેમ, દરેક સિક્કાની બે બાજુ હોય તેમ મારા મત પ્રમાણે આમા પણ બે બાજુ છે. સારા પાસમાં જોઈએ તો પહેલા એ કે છોકરીઓ જો ૨૧ વર્ષે પરણાવવાની થશે તો છોકરીઓ લગ્ન કરવાની લહાયમાં જો પોતાનું ભણતર અધૂરું રાખવું પડે છે તે માટે તે નિશ્ચિંત થઇ જશે. જેથી આધુનિક યુગની સ્ત્રી તરીકે ઓળખાણ બનાવી શકશે. બીજું કે તે માનસિક રીતે સમજણી થશે અને તે પોતાની જાત માટે કયું પાત્ર સારું તે વિચારતી થશે. ત્રીજું કે સ્ત્રી શારીરિક રીતે પણ સશક્ત થઇ શકે. જેથી લગ્ન થયા પછી ગર્ભ ધારણ કરવાથી લઈને બાળકની ડીલીવરી અને એ પછી ના સમયગાળા માં પણ તેને તકલીફ ના પડે અને જો માં શારીરિક અશક્ત હોય તો તેના બાળક ને તેની અસર થાય છે. અને ચોથું લાભ એ છે તો દૂષણ પણ તો સમાજની રુએ જે ખૂબ જ અગત્ય નું છે એ છે આણું કે દહેજ. જો ત્રણ વર્ષ વધારે થાય તો ગરીબ મા-બાપને તેમની દીકરીઓને પરણાવવામાં જે દહેજ ભેગું કરવું છે તેમાં ત્રણ વર્ષ વધારે મળી જાય. ખરાબ પાસા તરીકે મારા મત પ્રમાણે જોઈએ તો જો છોકરી સમજણી હોય તો તે પરણ્યા પછી પણ ભણી શકે છે અને તે પોતાને શિક્ષિત તરીકે ઓળખાણ બનાવી શકે છે એમાં લગ્ન માટે ની ઉમર વધારવા થી નહીવત ફેર પડશે. બીજું કે, હવે જે મોબાઈલ અને આધુનિક યુગની હરોળમાં છોકરા છોકરીઓ પોતાની ઉંમરના બાધનો ખ્યાલ રાખ્યા વગર તેમની હદ વટાવી દે છે અને તેનું પરિણામ સમાજમાં ખૂબ જ શર્મિંદગીનું કારણ બને છે. હમણાં તો ૧૮ વર્ષ પણ પુરા નથી થતાં ત્યાં તો આવાં બનાવો બની જાય છે તો શું ૨૧ વર્ષ સુધી આ લોકો પોતાની જાત પર કાબૂ રાખી શકશે. ત્રીજું જો સ્ત્રીની શારીરિક રીતે સશક્તની વાત છે તો હવે તો મેડીકલ ક્ષેત્ર એટલું આગળ વધી ગયું છે કે, કોઈ પણ શારીરિક કમજોરીનું ઈલાજ થઇ શકે છે. અને ચોથું જો ત્રણ વર્ષ વધશે તો દહેજમાં પણ વધારો અને માંગણીઓમાં પણ વધારો થશે.

આધુનિક યુગમાં મોબાઈલ એક એવી વસ્તુ થઇ ગઈ છે કે તેનો ઉપયોગ બધાં માટે આવશ્યક થઇ ગયો છે અને અધૂરામાં પૂરું ડાટ વાળ્યો કોરોના કાળમાં ઓન લાઈન ભણતરે. ઓનલાઈન ભણતરમાં માતા-પિતા જ બાળકોના હાથમાં મોબાઈલ આપવા

મજબૂર થઇ ગયાં. બાળકો તેમાં શું કરી રહ્યા છે તે મા-બાપની જાણ વિરુદ્ધમાં જ રહેતું કોઈ બાળક રમત રમે તો કોઈ બાળક યુટ્યુબ જુએ. બાળકો યુટ્યુબમાં કયો વિડીયો જુવે છે અને જેની છાપ તેમનાં મગજ પર ઉંડી અસર મૂકે છે. અને તેની માનસિક સ્થિતિ વિકૃતિમાં પરિણમે છે. બાળકનું મગજ એ વિકૃતિ તરફ આગળ વધે છે. આધુનિકરણની હોડમાં સ્કૂલ-કોલેજોમાં હવે જો ગર્લફ્રેન્ડ, બોયફ્રેન્ડ ના હોય તો તે જુના જમાના ના કહેવાય અને પોતાની જાતને આધુનિક અને મોર્ડન બતાવવા માટે તેઓ પોતાની જાત સાથે પણ રમત રમે છે. જો ૨૧ વર્ષની સમય મર્યાદા લગ્ન અંતે થાય તો આવા દૂષણો વધવાની પુરેપુરી શક્યતા દેખાય છે.

**- અનીષા શેખ**

❑

## સરકારનો આ નિર્ણય સૌના માટે વાજબી છે

હિંદુ મેરેજ એક્ટ ૧૯૫૫ના સેક્શન -૫ (૩) મુજબ લગ્ન માટે યુવતીઓની ઓછામાં ઓછી ૧૮ અને યુવાનો માટે ઓછામાં ઓછી ૨૧ વર્ષની ઉંમર નક્કી કરાય છે. આનાથી ઓછી ઉંમરે લગ્ન કરવું એ ગુનો છે અને તે બદલ પોલીસ કેસ થઇ શકે છે. વડાપ્રધાને સ્વાતંત્ર્ય દિવસના પ્રવચનમાં ઉલ્લેખ કયો હતો કે, છોકરીઓના લગ્ન માટેની ઓછામાં ઓછી ઉંમર વધારી શકાય છે. સરકારે આ માટે એક કમિટી બનાવી છે અને આ કમિટીના જે સૂચનો આવશે તે પ્રમાણે સરકાર નિર્ણય કરશે. છોકરીઓની લગ્ન કરવાની ઉંમરમાં વધારો કરવાનો ઉદેશ, માતૃત્વ મૃત્યુ દર તેમજ બાળકોમાં કુપોષણ દરનો ઘટાડો કરવાનો છે.

આ બાબતે આપણી બહેનોની પાસેથી એમના વિચારો જાણ્યા.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાનું ચોરંગલા ગામના પશુ-પાલનનું કામ કરતાં ભાવનાબેન કહે, ‘‘હું તો સૌથી પહેલા મારી જ વાત કરું તો ૨૦૦૪માં ૧૫ વર્ષની ઉંમરમાં મારા લગ્ન થયા હતા. લગ્નના ૪ વર્ષ બાદ એક પુત્રને જન્મ આપ્યો પરંતુ, આ દરમિયાન મારા ૩ ગર્ભપાત થઇ ગયા હતા. મારા પુત્રનો જન્મ થયો ત્યારે તેનો પણ વિકાસ પુરતો નહતો, તેનું વજન માત્ર ૧.૮કિ.ગ્રા. જ હતું અને મને ઘણી તકલીફ વેઠવી પડી હતી, આવામાં ૨૪ વર્ષની ઉંમરમાં મને ગર્ભાશયનું કેન્સર પણ થયું. મારું બાળક કુપોષિત હતું અને આજે પણ એનો વિકાસ તેની ઉંમર કરતાં ઘણો ઓછો છે. આ બધી વેદના મારા લગ્ન વહેલા થવાના કારણે થઈ. જો હું બરાબર શિક્ષિત હોત અને મારી પરીપકવતા બાદ મારા લગ્ન થયા હોત તો હું આ પરિસ્થિતિને ઘણી સારી રીતે સાચવી શકી હોત. એટલે સરકાર ૨૧વર્ષે દીકરીના લગ્ન કરવાનો નિર્ણય લઇ રહી છે તે સદન્તરે બરાબર જ છે.

ખેત મજુર લતાબેન કહે, ધામનીઘોડા ગામના સરસ્વતીબેન ભરતભાઈ તડવીના લગ્ન ૧૮ વર્ષે કર્યા અને ૧૯માં વર્ષે બાળકને જન્મ આપ્યો. શરીરમાં લોહીનું પ્રમાણ ઓછું થઇ જવાથી સરસ્વતીબહેનને જીવ ગુમાવવો પડ્યો હતો. આમ, આ ઉંમરે તેમનું શરીર બાળકના જન્મ માટે પરિપક્વ ન હતું તેથી, તેમનું મોત થયું. પરંતુ ૩થી ૪ વર્ષ બાદ બાળકનો નિર્ણય લીધો હોત તો આજે તેઓ હયાત હોત.

સામાન્ય રીતે મા-બાપ છોકરીઓને વહેલા પરણાવી દેવાનું કારણ છોકરીઓ કોઈ ખોટું પગલું ના ભરે અને તેઓ પોતાના સંસારમાં સુખી થાય તે હોય છે. પરંતુ જોવા જઈએ તો સાસરીમાં પણ નાની ઉંમરે જ મોટા કુટુંબની જવાબદારી આવી જાય અને તેઓ માનસિક તેમજ શારીરિક રીતે પરિપક્વ હોતી નથી, જેથી કરીને તેમને તનાવ પણ વેઠવો પડે છે. પશુ પાલનનું કામ કરતાં રંજનબેન પોતાના નણંદની દીકરીનો અનુભવ જણાવતા કહે કે, મારી નણંદની ભાણીને મોટી જમીનોવાળા ઘરમાં પરણાવી દીધી હતી અને કુટુંબની જવાબદારી માથે પડતા છોકરી સતત સહન કર્યા કરતી અને આજે એ છોકરી શારીરિક રીતે ખૂબ જ નબળી થઇ ગઈ છે. આ બધું ઓછી ઉંમરે જવાબદારી આવવના કારણે જ થયું છે.

પહેલાના સમયમાં લોકો છોકરીઓના લગ્ન વહેલી ઉંમરે કરી દેતા હતા. હવે આ જિલ્લામાં પણ શિક્ષણના પ્રમાણમાં ઘણો સુધારો આવ્યો છે. એટલે માતા-પિતા દીકરીઓને ભણાવીને લગ્ન કરવાનું પસંદ કરે છે. સરકારનો આ નિર્ણય સૌના માટે વાજબી છે.

**- પૂર્ણિમા**

❑

## હા હોં, એકદમ સાચી વાત

અમદાવાદ જિલ્લાના આગેવાન બહેનોએ ગામોની પરિસ્થિતિ ઉદાહરણ રૂપે જણાવતા કહે, મારા સીમેજ ગામના ખેતી કામ કરતાં ભાવનાબેનની વાત કરું તો, ૧૮ વર્ષથી નાની ઉંમરે લગ્ન થયાં અને નાની ઉંમરે ૫ બાળકોની મા બન્યા જેમાં, ૪ દીકરી અને એક દીકરો છે. દીકરો ૧ વર્ષનો પણ નથી થયો ત્યાં બેનનું મૃત્યુ થયું. કારણ કે, તેમના શરીરમાં લોહીની ઉણપ હતી. શરીર એકદમ ફિક્કુ થઇ ગયેલું અને પુરતુ પોષણ શરીરને ન મળવાથી તેમનું મૃત્યુ થયું.

એટલે સરકારનો આ નિયમ આવ્યો છે તે બહુ જ ફાયદાકારક થશે, અને તે પણ દીકરીઓ માટે.

અત્યારે હાલમાં જે લગ્નની વયમર્યાદા માટેનો કાયદો પસાર થયો તે બહુ જ સારો છે. પહેલાંના જમાનામાં ૧૮થી નાની વયે લગ્ન કરી દેતાં. જેનાથી છોકરીઓનો શારીરિક વિકાસ પણ ના થયો હોય અને કુમળી વયે લગ્ન કરવાથી ‘માતા’ બની જાય

એટલે પોતાને હજુ બાળ બુદ્ધિ હોય અને નાના બાળકને ઉછેરવાની જવાબદારી માથે આવી પડે. નાની વયે શરીરનો વિકાસ પુરેપુરો ના થવાથી પોતે પણ કમજોર બને અને પુરતો પોષણયુક્ત આહાર પણ આજકાલની છોકરીઓ લેતી ન હોવાથી શરીરથી બહુ જ નબળી બને છે. ખેતરનું તો ઠીક ઘરનું કામ પણ પુરું ના કરી શકે. મહેનતનું કામ અત્યારની બહેનો કહી શકતા નથી. ગામડામાં ૧૬થી ૧૭ વર્ષની ઉંમરે લગ્ન કરી દેતા. છોકરાઓમાં પણ મૂછનો દોરો ફૂટયો એટલે યુવાન માનીને તેના પણ લગ્ન કરી દેતા.

આ બાબતે ગાંધીનગર જિલ્લાના ઘણાં ગામોમાં સભ્ય બહેનો સાથે વાત થઈ જેમાં, બહેનોના પ્રતિભાવ મળ્યા કે દિકરીઓની લગ્નની વય ૧૮ વર્ષ કે તેનાથી નાની ઉંમરે થાય એ સારું. કેમ કે આર્થિક પરિસ્થિતિ નબળી, સાટા પદ્ધતિ, સમાજની રૂઢિચુસ્ત પ્રથાઓ અને કુટુંબનું દબાણ કે છોકરીઓને ભણાવીને શું કરવાનું ? આના કરતાં તો પરણાવી જવાબદારીમાંથી મુક્ત થઈ જવાની માનસિકતાઓ ખૂબ જ અસર કરે છે.

કોઠી બારડોલી ગામનાં જીગીષાબેન ચૌહાણ કહે, દિકરીઓને વહેલી જ પરણાવી દેવી પડે. દિકરીઓ બહાર બેસતી થાય એટલે મા ને ચિંતા પેસે કે છોકરીને વહેલી પરણાવી દેવી પડે. અમારા ગામમાં તો આવું જ ચાલે કે છોકરીઓને ૧૮ પહેલાં પરણાવી દેવી જોઈએ. બીજું કે, દિકરીઓને ૭માં ધોરણ સુધી ગામમાં જ સ્થાનિક શાળમાં જ ભણાવી શકાય અને ત્યાર પછી આગળ ભણવા માટે ઘમીજ ગામમાં લગભગ ૧૨ કિલોમીટર દૂર મોકલવી પડે. જેથી કરી મા ને ચિંતા થાય કે છોકરી એકલી જાય તો તેની જોડે કોઈ કશું કરી દે તથા તેની સતત ચિંતા રહ્યાં કરે અને કંઈ છોકરી જોડે અજુકતું થઈ જશે તો તેને તો ૨૧ વર્ષે નહીં પરંતુ દિકરીનું ૧૬ સગપણ અને ૧૭ માં વર્ષે તો તેનું લગ્ન કરી દેવું જ પડે.

હા હો, એકદમ સાચી વાત છોકરીઓને ૧૭ કે ૧૮ વર્ષે પરણાવી દેવી જોઈએ એમ કહેતાં, વાવોલ ગામનાં છે ફાલ્ગુનીબેન. મા-બાપે ૨૧ વર્ષ સુધી લગ્ન માટે રાહ ન જોવી જોઈએ કારણ કે, ૧૮ વર્ષની ઉંમર લગ્ન માટે યોગ્ય જ ગણાય એવું મારું માનવું છે. મારા પોતાનાં લગ્ન પણ ૧૮ વર્ષે થઈ ગયા હતાં.

આ બાબતે શું વાત કરું? નિઃશાશા નાખતાં સુજાના મુવાડા ગામનાં વતની અમરતબેન છે કહે, હું રહી વિધવા. મારે ૪ છોકરી અને ૧ છોકરો. જેમ-તેમ કરીને પાંચેયને મોટા કર્યા અને ૪ છોકરીઓને મેં એકસાથે એક જ માંડવે પરણાવી દીધી. કેમ કે, આજની પરિસ્થિતિ મુજબ હું ૪ દિકરીઓને કેવી રીતે આ દુનિયાથી બચાવીશ અને ખાસ કરીને તો મારી આર્થિક પરિસ્થિતિ પણ ખૂબ જ નબળી હોવાથી મને બધુ પોષાવું જોઈએ ને! હું ખેતી કરું કે છોકરીઓ સાચવું કે મારું ગુજરાન ચલાવું ? મારા માટે આ એક મોટો પ્રશ્ન છે. જેથી મારું તો મંતવ્ય છે કે લગ્ન તો ૨૧ વર્ષે નહીં પણ ૧૮ વર્ષે તો થઈ જ જવા જોઈએ.

નાંદોલ ગામનાં લીલાબેન મેલાજી ઠાકોર છે તેમણે સ્પષ્ટ જણાવ્યું કે, દીકરીઓને તો ૧૮ વર્ષે જ પરણાવી દેવી જોઈએ. મારી વાત કરું તો મારે ૯ દિકરીઓ છે હવે તમે જ કહો કે મારે તેઓને ખેત મજૂરી કરી કેવી રીતે તેઓનો લગ્નનો ખર્ચો કેવી રીતે કાઢવો ? એ મારી મોટામાં મોટી સમસ્યા હતી. હું પોતે ખેત મજૂરી કરી મારું પોતાનું ગુજરાન ચલાવું છું અને મને મારી ૯ દિકરીઓને એક જ સાથે એક જ મંડપમાં સાથે પરણાવી દીધી એ મારી મજબૂરી ગણો કે મારી નબળી આર્થિક પરિસ્થિતિ મારે આ નિર્ણય લેવો જ પડ્યો અને મજબૂત મને મારે મારી ૯ દિકરીઓને નાની ઉંમરે પરણાવી પડે. મારા માતે તો ૧૮ વર્ષની ઉંમર જ લગ્ન માટે યોગ્ય છે.

**સંકલન તારા, મંજુલા**

❑

# દીકરીમાં સમજણ આવે એટલે પરણાવી દેવી

'સેવા'ના કારોબારી અને બાંધકામ કામદારોના આગેવાન પાર્વતીબેને હાલની વાસ્તવિક્તા જણાવતા કહયું કે, છોકરા-છોકરીઓ સાથે ભણતા હોય કે સાથે ફેકટરીઓ કે મોલ કે દુકાનોમાં તો પ્રેમ થઇ જાય છે. પછી તે ૧૮ વર્ષ પુરા થાય તેની રાહ જોતા હોય છે જેવા ૧૮ વર્ષ પુરા થાય કે તરત કોઈ પણ કોર્ટમાં જઈને લગ્ન કરી નાંખે છે. માતા-પિતાને કાગળ ઘરે આવે ત્યારે ખબર પડે છે ત્યારે બહુ મોડું થઇ થઇ ગયું હોય છે. જો એક જ સમાજ હોય તો ઝઘડાં થાય અને મડર પણ થઇ જાય છે એટલે માતા-પિતા પણ ૧૮ વર્ષની રાહ જોતા હોય છે લગ્ન માટે.

રોશે ભરાયેલા ઘરખાતા કામદારના આગેવાન પુષ્પાબેનનું પણ કંઇક આવું જ કહેવું છે કે, સરકારે આવા કાયદા ના વધારવા જોઈએ. પહેલાં ભણતાં છોકરા વેકેશન પડે તો મામાના ઘરે જતા. રજાઓમાં મામા-ફોઈના પડોશીયા મજા કરતાં. હવે તો એ પણ જોખમ ઊભું થાય છે. મામા-ફોઈના દીકરા એક સરખી ઉમરના હોય તો બંને ને પ્રેમ થઇ જાય છે. પછી એ નથી જોતા કે અમે બંને સબંધે ભાઈ-બહેન થઇએ છીએ જે આ સબંધ તૂટી જાય છે ને ઘરનાને બોલવાના સબંધ પણ રહેતાં નથી. એકબીજાના વહેવાર પણ છૂટી જાય છે. હાલમાં અમારા ત્યાંનો આવો તાજો દાખલો છે. બંને મામા-ફોઈના છોકરા-છોકરીએ લગ્ન કરી લીધા. સમાજ ચાર દિવસ વાતો કરશે પછી બધું મટી જશે.

'રચયિતા બાંધકામ મંડળી'ના મંત્રી, રતનબેન ક્હે, હાલના જમાના પ્રમાણે ૨૧ વર્ષનો કાયદામાં સુધારો કર્યા કરતાં મારા મતે તો ૧૮ વર્ષ જ સારા કારણે કે, શહેરીકરણના વિચારો મુજબ બરાબર છે કે ૨૧ વર્ષ. શહેરમાં મા-બાપ અને દીકરીઓ ખુશ

થઇ કે ભણવાનો સમય મળી રહે અને દીકરી તેના સપના સાકાર કરી શકે અને પગભર થઇ શકે. જેઓ ગામડામાં રહેતા માં બાપ ને આ કાયદો ૨૧ વર્ષ નો ના ગમ્યો કારણ કે, દીકરીને ૧૭થી ૧૮ વર્ષે પરણાવી દે છે એમનું માનવું એ કે દીકરીમાં સમજણ આવે એટલે પરણાવી દેવી. હાલ આ જમાનો સારો આવ્યો નથી. ''દીકરી એટલે સાપનો ભારો મા-બાપને એ જ ચિંતા હોય દીકરી ઈજ્જત અને માન સન્માન પૂર્વક સારી રીતે તેના ઘરે પરણીને જતી રહે એટલે મા-બાપ ગંગા નાહ્યા તેવું સમજે છે.'' આ ઘોળ કળયુગમાં મા-બાપને દીકરીની ચિંતા અપાર થાય છે. અને રાતની ઉંઘ પણ નથી આવતી હોતી. જો દીકરી સારી થાય તો સારું નહીતર મા-બાપને ખૂબ જ હેરાનગતી ભોગવવી પડે. મારા મત મુજબ ૧૮ વર્ષે સારું હતું.

કડિયા કામદારના આગેવાન કોકીલાબેન કહે, ૧૮ વર્ષની ઉંમરમાં લગ્ન કરતાં હતા તે સારું છે કારણ કે, હાલની પરિસ્થિતિ એવી છે કે, છોકરા-છોકરીઓ ઉંમર જોતા નથી અને એક સાથે ભણતાં હોય તો એકબીજાને પ્રેમ થઇ જાય છે. અને તેમના મા-બાપ તેની ખબર પણ નથી હોતી. અને જાતે લગ્ન કરી લે છે અને નાત-જાત કે કશું જોતા નથી. અને ભાગી જાય ત્યારે મા-બાપને સમાજ ના મહેણા-ટોણા સાંભળવા પડે છે. જે છોકરા-છોકરીનો ગુનો નહિ, પણ મા-બાપે શું ધ્યાન આપ્યું એવા આક્ષેપો લોકો કરતાં હોય છે. ખરેખર તો મારા મત મુજબ ૧૮ વર્ષ બરાબર છે. ઘણીવાર તો મા-બાપ આત્મહત્યાના પ્રયાસો કરતાં હોય છે. કાંતો માનસિક ડીપ્રેશનમાં આવી જાય છે. ઘણી વાર છોકરાઓ અવળા રસ્તે જતા હોય ને મા-બાપને ખબર પડી જાય છે ત્યારે છોકરાઓને સમજાવવાની કોશિશ કરતાં હોય છે. પણ છોકરાઓ નથી સમજતા અને મરી જવાની ધમકી આપે અને બંને પક્ષ વાળા મા-બાપને મજબૂર થઇ વિવશ બની જવું પડતું હોય છે.

**રમીલા પરમાર**

❑

## સમાજ માટે એક મોટો પ્રશ્ન

બંધારણમાં બહેનો વિશે ઘણા કાયદાઓની જોગવાઇ થયેલી છે જેમાં લગ્નની વય દીકરીની ૧૮ અને દીકરાની ૨૧ વર્ષ નિર્ધારિત કરવામાં આવી જે સામાન્ય રીતે દરેક નાગરિક વાકેફ છે કેમકે ટી.વી.ના માધ્યમથી છેક છેવાડાના માણસ સુધી સચિત્ર જાહેરાત દ્વારા પહોંચે છે. અપવાદ કે કોઇ આમાંથી બાકાત રહી જતું હોય તેમ છતાં આપણે જાણીએ જ છીએ કે ઘણા સ્થળોએ બાળલગ્નો થાય છે એ પણ એટલી જ સાચી વાત છે. જાગૃત નાગરિકો કે સંસ્થાઓ દ્વારા તેને અટકાવતા ઘણી બીજી મુશ્કેલીઓ ઊભી થઇ શકે છે.

આ અનુસંધાનમાં હાલમાં સરકારમાં આ ઉંમરને લઇને ફરીથી ચર્ચા છે કે દીકરી-દીકરાની ઉંમર ૨૧ વર્ષ હોવી જોઇએ. એ બાબતે આજે બધી બહેનપણીઓ ભેગા બેસીને વાત કરતાં વસંતીબેન, સુશીલાબેન, જયશ્રીબેન, હેતલબેન અને મીનાબેન પાંચેય કહે, અત્યારે હાલમાં જે ૧૮ વર્ષ છે તે બરાબર છે તેના કારણો ઘણા છે. જેમાં, હાલની પરિસ્થિતિ જોતા દીકરીઓ માસિક ધર્મમાં ૧૨ થી ૧૫ વર્ષમાં થઈ જાય છે અને ઘણી દીકરીઓ આનાથી પણ નાની ઉમરમાં થઈ જાય છે. અને ટેકનોલોજીના ઉપયોગથી છોકરીઓને ઉંમર કરતાં વધારે જ્ઞાન જાગૃતિ આવી જાય છે જો દીકરી આ ઉંમરમાં કઈક પગલું ભરે તો તેનો ઉકેલ કાઢવો મુશ્કેલ બની જાય છે. અને વાતનો ફેલાવો થતા વાર નથી લાગતી. તેથી માતા-પિતાને ચિંતા થાય છે અને ઘરમાં વાતાવરણ બગડે છે. અને તેનાથી શારીરિક, માનસિક તકલીફો અને અંતે આપઘાત જેવા કિસ્સા પણ બને છે. તેથી બહેનોનું કહેવું છે ૧૮વર્ષની ઉંમર બરાબર છે. ૨૧વર્ષ ન થવી જોઈએ.

અમરાઈવાડી વિસ્તારના સિલાઇ કામદાર રમીલાબેન કહે, હાલમાં છોકરી ૧૬-૧૭ વર્ષની ઉમરમાં જ ભાગી જતી હોય તો તેની ૨૧ વર્ષ સુધી કેવી રીતે સાચવવી ? એક મોટો પ્રશ્ન છે. ૧૮ વર્ષની ઉંમર છે અને જો દીકરી કોઈ પગલું ભરે છે તો તેને એકાદ વર્ષ સાચવી શકીએ પણ જો ૨૧ વર્ષ થાય તો તેને બીજા ૩ વર્ષ કેવી રીતે સાચવવી ? માં-બાપ કામ-ધંધા કરે કે તેને સાચવે એટલે ૧૮ વર્ષની લગ્નની ઉંમર બરાબર છે.

સાબરમતી વિસ્તારના મીનાબેન સ્ટોન લગાવવાનું કામ કરે છે તેઓનું કહેવું છે કે, મોબાઈલમાં દીકરીઓ બધુ જ જોતી હોય છે. અને તેમાં પાસવર્ડ રાખે છે જેથી તે શું જુએ છે તે કોઈને ખબર પડતી નથી. તેથી તે કઈ દિશામાં જઈ રહી છે તે માતા-પિતા જાણી શકતા નથી અને અતે જયારે ખબર પડે છે ત્યારે પાણી માથા ઉપરથી જતું રહ્યું હોય છે એટલે કે તેઓ કઈ જ કરી શકતા નથી. અને બદનામ થઈ જાય છે તેથી ૧૮ વર્ષની લગ્નને ઉંમર બરાબર છે. અને આમ પણ જેને ૧૮ ઉપર કે પચ્ચીસ ઉપર ઉંમર થઈ જાય છે તે યોગ્ય પાત્રન મળેતો લગ્ન નથી કરતી એ પણ એટલી જ સાચી વાત છે. એટલે કાયદાનો અમલ દરેક લોકો પોતાની સગવડતા પ્રમાણે કરતા હોય છે. પણ સર્વાનુમતે તો લગ્નની ઉંમર ૧૮ વર્ષ છે તે બરાબર છે.

આ બધુ જ હાલના સમયની પરિસ્થિતિને આધારે અને પોતાના ઘરના અનુભવના આધારે સૌ કોઇ કહે છે કે, સરકારે છોકરીઓ માટે જે કાયદો ૧૮ વર્ષની ઉંમરનો છે તે સચેતે રહેવા દેવો જોઇએ.

**- જશુ રાઠોડ.**

❑

## મારી જેમ, 'મનની મનમાં ના રહી જાય!'

હાલમાં ભારત સરકારે હાટકેશ્વરના વેચનાર રેવાબેન સ્વાભાવિક બજારના આગેવાન છે તેમણે તો ફટ લઇને ધાણી ફૂટે તેમ બોલવાજ માડયું કે, રબારી, મારવાડી, રાજપૂત નાતિમાં લગ્ન નાની ઉંમરે થઇ જાય. જેમ કે, રબારીમાં ઘોડિયામાં જ લગ્ન થઇ જાય પણ છોકરી જ્યારે ઉંમરલાયક એટલે કે ૨૫થી ૩૦ વર્ષની થાય ત્યારે આણું કરે. પહેલા દીકરી કે દીકરા જેના લગ્ન થાય તેમને સમજ નહતી કે અમે બન્ને એકબીજાના પતિ-પત્નિ છીએ તેવો સમય હતો.

અત્યારનો સમય એવો છે કે ૧૫ વર્ષની દીકરી-દીકરો મોબાઈલ કે ટીવી પર અશ્લીલ સીન આવે જે જુએ સાથે મા-બાપ ઘરના બધા બેઠાં હોય જેનાથી તેમના મગજ પર ખરાબ અસર થતી હોય છે. છોકરા-છોકરીએ જો જાતે નક્કી કર્યુ હોય તેની સાથે લગ્ન ના કરીએ તો એસિડ પીવાની ધમકી આપે, ગળે ફાંસો લેવાની વાત કરે. અમારી સમાજમાં હાલમાં જ વાડજ વિસ્તારમાં એક પ્રશ્ન બન્યો છે જેમાં છોકરી પર નાતની હતી અને છોકરો અમારી સમાજનો હતો. બન્ને હાથ બાંધીને શાહપુર નદીમાં પડયાં. છોકરો અને છોકરી ૧૬ વર્ષની ઉંમર ના હતા. ઘરમાં લગ્નની વાત કરી ઘરના લોકોએ લગ્ન કરવાની ના પાડી કે તમારી ઉંમર નાની છે અને પરનાત છે તેથી. તો બન્નેએ નદીમાં ઝંપલાવી જીવ ટૂંકાવ્યો.

આ સમય ખૂબ ખરાબ છે. જો ૨૧ વર્ષે લગ્ન કરવા રહીએ કાયદા પ્રમાણે તો મા-બાપ ક્યાં સુધી છોકરીનું ધ્યાન રાખે ? મારી જ વાત કરું તો હું અને મારો દીકરો ધંધા પર હોઇએ ને ઘરમાં દીકરી રૂપાળી છે વધારે ભણેલી નથી કોઇની વાતમાં આવી જાય તો શું કરીએ ? રૂપાળી છોકરીને લારીએ લઇ બેસીએ તો પણ કોઇ મશ્કરી કરે તો મારામારી થઇ જાય. પૈસા હોય તો લોક મારીને મૂકી દઇએ કબાટમાં પણ, છોકરીને ક્યાં લોક મારી મૂકીએ. મારા મતે ૨૧ વર્ષ લગ્નની ઉંમર બરાબર નથી. ભણવા મૂકીએ દીકરી રૂપાળી હોય તો શિક્ષકો સારા ના હોય તો શું કરીએ ?

'સેવા'ના માથોડા કામદારને સંગઠિત કરતાં અને માથોડાકામના આગેવાન સોનલબેન બહુ જ સ્પસ્ટતાથી કહ્યું કે, સરકાર તો કાયદો લાવવા માંગે છે દીકરીના ૨૧ વર્ષે લગ્ન કરવા જોઇએ પણ, હાલનો જ તાજો દાખલો હું જ્યાં રહું છું ત્યાંનો જણાવું તો, પંચાલ નાતિની દીકરી છે. હજુ ૧૭ વર્ષની જ થઇ હતી ને મા-બાપે લગ્ન કરી દીધાં. છોકરીનો સંબંધ કર્યા પછી તેની સાસરીવાળા વારંવાર બોલાવે વારે-તહેવારે રવિવારે એટલે છોકરીને પરણાવી નથીને ત્યાં જ સાસરીમાં વારંવાર રહે. મા-બાપને ચિંતા તો થાય પણ સાથે સમાજ આજુબાજુના કુટુંબના લોકો ના હોય તેવી વાતો કરે. જેના દબાણમાં આવી મા-બાપ નાની ઉંમરે દીકરીના લગ્ન કરી દીધાં. આવા તો ઘણા કિસ્સા હશે. હું માથોડા બજારમાં કામદારો સાથે ૨૦વર્ષથી કામ કરું છું. આ કામમાં જોડાયેલા ઠાકોર સમાજની વાત કરું તો આ સમાજમાં હાલમાં પણ છોકર- છોકરીના નાની ઉંમરે લગ્ન, સગપણ કરી દે. એમનું માનવું છે કે દીકરી મોટી થઇ જાય તો જોઇએ એવું સગું મળે નહી. ઉંમર થાય તો બીજવર કે છુટાછેડાવાળા મળે. તેથી નાની ઉંમરે પરણાવી દે. ૧૪થી ૧૭ વર્ષની અંદર સંબંધ કરી દે અને પરણાવી દે. જેના લીધે નાની ઉંમરે બાળકો પણ થઇ જાય. તે પોતે બાળક છે અને બાળકને જન્મ આપે છે. જ્યાં એમના હરવા-ફરવાના દિવસોમાં નાના બાળકની જવાબદારી વધી જાય છે. અને નાની ઉંમરમાં લગ્ન થવાથી તે દીકરીને બાળક કુપોષિત જન્મે છે. પરિણામે બાળક અને કુટુંબનું જીવન જ દીકરીનું જીવન થઇ જાય છે તેની પોતાની કોઇ ઓળખ જ રહેતી નથી.

અમદાવાદમાં અમે પરદાદાના સમયથી રહીએ છીએ. મારો સમાજ રાજસ્થાની મારવાડી. સમાજની વાત કરું તો પહેલા અમારી સમાજમાં બાળવિવાહ થતાં હતાં. ૫,૭,૧૦ વર્ષે લગ્ન થઇ જાય. અત્યારે હાલમાં છોકરા-છોકરી એકબીજાને પસંદ કરે ત્યારે લગ્ન થાય. અત્યારે હાલમાં ૧૫ કે ૧૬ વર્ષમાં લગ્ન થઇ જાય છે. ૧૭, ૧૮ વર્ષની નાની ઉંમરે બાળકો થઇ જાય. નાની ઉંમરમાં લગ્ન થાય તો દીકરી પર ઘરની જવાબદારી, બાળકોની જવાબદારી આવી જાય. પુરી સમજના આવે તો ઘર પણ તૂટી જાય. દીકરીઓ શારીરિક રીતે તૈયાર ના થયેલી હોય તો નાની ઉંમરમાં મોટી બિમારી આવે ને તે દીકરી મરી જાય. તો બાળકોનું જીવન બગડી જાય છે. તેમને દાદી-દાદા કે નાની-નાના માંડ સાચવે ત્યાં જ મોટા થાય. મા વગરના દીકરા-દીકરીની પરવરિશ સારી કહેવાય ? દીકરાને તો બીજુ બૈરુ મળી જાય પણ બાળકોને મા મળે ? તે મોટો પ્રશ્ન બની જાય છે.

મારું માનવું છે કે, ''દીકરીના લગ્નની ઉંમર ૧૮ વર્ષ હોય તે બરાબર હતી દીકરી ભણે, મોજ કરે પોતાનું જીવન જીવે પછી લગ્ન થાય તો સારું મારી જ વાત કરું તો, મારા મમ્મી હું નાની હતીને મરી ગયાં તેથી હું ભણી ના શકી. મારા પપ્પા સરકારી નોકરી કરતાં પણ દારુ ખૂબ પીતા. બાજુમાં મારી મમ્મીના બેનપણી હતા. તે અમને ૪ ભાઇબહેનોને કેન્ટીનમાં લઇ ગયા કામ કરવા. ત્યાં અમે લસણ ફોલીએ, શાકભાજી સમારીએ, વાસણ ધોતા ત્યારે બે ટાઇમ ખાવા મળતું. ત્યારે મારી ઉંમર ૧૦ વર્ષની હતી ને ૧૨ વર્ષે લગ્ન થયા અને ૧૫ વર્ષે દીકરો થયો. પછી તો બેવડી જવાબદારી માથે આવી, ઘરની અને બાળકની. ત્યારબાદ ૨૨ વર્ષથી ભદ્રમાં મૂર્તિ, તોરણ વેચવાનો ધંધો કરું છું. આમાં ને આમાં મેં કદી સુખ ના જોયું. તેથી મારું માનવું છે કે, મારી જેમ બીજી બેનોને નાની ઉંમરમાં દુઃખ ના જોવું પડે. તેથી ૧૮ વર્ષની ઉંમર એ લગ્ન માટે બરાબર છે. એકવીસની ઉંમર પણ સારી છે ભણતર પુરું થઇ જાય. મનના અરમાન પણ પુરા થઇ જાય. મારી જેમ મનની મનમાં ના રહી જાય. આમ એક શ્વાસે દેવીબેને પોતાની વાત પૂરી કરી. ''

**— ગીતા કોષ્ટી**

❑

# લગ્નની વયમર્યાદા ૨૧ વર્ષ કરવામાં આવે તેમાં અમારા સૂઝાવો...

જમાલપુર સ્વાભાવિક બજારના ૩૮ વર્ષના જિજ્ઞાસાબેન વેચનાર આગેવાન, કહે, પહેલાના જમાનામાં ૧૨ કે ૧૩ વર્ષે લગ્ન થઇ જતાં હતાં. અત્યારે પણ ૧૪-૧૫ વર્ષની છોકરીના લગ્ન કરી દેવાય છે પણ જાહેર કરતાં નથી. પછી સરકારે ૧૮ વર્ષ કર્યા. એ તો બરાબર છે પણ મા-બાપ ૧૮ પુરા પણ ના થવા દે અને લગ્ન કરી દે છે. ને હવે ૨૧ વર્ષનો કાયદો આવે તો તે જે એક જોતા બરાબર છે કે છોકરીનું શરીર વ્યવસ્થિત થાય ને લગ્ન પછી બાળકને સારી રીતે જન્મ આપી શકે. સગીરાવસ્થામાં તે પોતે પોતાનું સારું ખરાબ વિચારી શકે. ભણીને પોતાના પગ પર ઊભી રહી શકે. ૨૧ વર્ષે જો ખરેખર લગ્ન થાય તો બેનના જીવનમાં બદલાવ આવશે જેનાથી તેનું કુટુંબ પણ આગળ આવશે. જ્યારે બીજી બાજુ જોઇએ તો મા-બાપની પોતાની દીકરી પ્રત્યેની ચિંતા વધી જશે. હાલમાં જ સુરતમાં એક કિસ્સો બન્યો છે કે છોકરો છોકરીના એક તરફી પ્રેમમાં પડયો. છોકરીએ જ્યારે તેને બોલાવવાની ના પાડતાં છોકરાએ કોલેજમાં બધાની સામે જાહેરમાં તેનું ગળું કાપીને મારી નાંખી. આવા કિસ્સામાં જ્યારે ટીવીમાં, છાપામાં આવે ત્યારે મા-બાપ એમ કહે છે કે પહેલાના જમાનામાં નાની ઉંમરે પરણાવી દેતા તે સારું હતું તો આવુ ના થતું.

આ તો સિક્કાની બે બાજુ થઇ જો આમાંથી બહાર નીકળવું હોય તો દરેક મા-બાપે દીકરીઓને ભણાવવી ને આગળ વધારવી જોઇએ. સાથે જ સ્વબચાવની તાલીમો અને શિક્ષણ આપવું જોઇએ. સાથે સાથે છોકરા-છોકરીઓમાં સારા સંસ્કારનું સિંચન કરવું જરૂરી છે. જેનાથી તેમનામાં સારા વિચારો આવે મા-બાપે જેમ આપણી બેન-દીકરી છે તેમ બીજાના પણ છે તે સમજ કેળવવી જોઇએ. બેન દીકરીઓને ખરાબ નજરથી ના જુએ તેમને માન આપે.

સિલાઇ કામદાર શબનમબેનનું કહેવું છે કે ૧૮ વર્ષ હતાં તે ઉંમરમાં બાળક થતું તો બહેન કુપોષિત અને શારીરિક રીતે શરીરથી નબળી પડી જાય છે અને ૨૧ વર્ષે લગ્ન થાય તો તેની ઉંમર પૂરી હોય અને પુખ્ત વયની હોય બાળકને જન્મ આપી શકે.

હું આરોગ્યનું કામ કરું છું. ૨૧ વર્ષનો કાયદા વિશે સરકાર વિચારે તે સારું છે. બહેનોનો શારીરિક વિકાસ થયેલ હોય તો બાળક થાય તો તેમણે તકલીફ ના પડે બાળક પણ તંદુરસ્ત થાય સિઝેરિયન ના કરાવવું પડે એટલે બહેનો માટે સરકાર સારું વિચારે છે. ઘરખાતાના આગેવાન રેખાબેને જણાવ્યું.

મિતલબેન અને નયનાબેનની જોડી... તેમની ચર્ચામાંથી બહાર આવ્યું કે, ૧૮ વર્ષની ઉંમરે જે લગ્ન કરવામાં આવતા હતાં તેમાં છોકરીઓ ઓછી સમજદાર હોય તે પોતાના વિષે સારું ખોટું વિચારી શક્તિ નથી અને જયારે ૨૧ વર્ષે છોકરીઓની સમજ શક્તિ વધી જાય અને અત્યારના જમાના પ્રમાણે છોકરીઓ વધુ ભણવામાં રસ દાખવે છે અને તેઓ ભણીને પોતાના પગભર ઊભા રહી શકે સારું ખોટું સમજે અને અત્યારના જમાના પ્રમાણે છોકરીઓ વધુ ભણવામાં રસ દાખવે છે અને તેઓ ભણીને પોતાના પગ ઉપર ઊભા રહી શકે સારું ખોટું સમજે અને ઘર સંસારમાં પોતાની આવડત પ્રમાણે કામ કરીએ ઘર ચલાવી શકે.

૧૨માં ધોરણમાં ભણતી છોકરીઓ ને પૂછ્યું તો તેમના વિચારો તો જુદા જ છે સરકાર જે છોકરીઓ માટે ૨૧ વર્ષ કરે તે સારું અમને પુરતું ભણવાનું મળે અને અમે પણ અમારા પગ ઉપર ઊભા રહી શકીએ .અમારું કેરિયર બનાવી શકીએ .

સરકારને ખબર છે કે ઘરમાં મા-બાપ દીકરીઓને કેવી રીતે સાચવે છે ? આમ ગુસ્સો ઠાલવતાં કડિયા કામદાર અમથીબેન કહેવા માંડયા... અમારી સમાજમાં તો ૧૪ વર્ષની છોકરીઓ એકબીજાના ઘરે આવતાં-જતાં રહે તો છોકરો ના બગડે ને છોકરીઓ પણ ના બગડે. ૧૮ વર્ષે લગ્ન કરી નાંખે એ પછી છોકરીઓ કાયમ એના ઘરે રહે એટલે અમારે શાંતિ. મોટાભાગના બહેનો કહે છે હાલ તો ૧૫ થી ૧૬ વર્ષના છોકરા-છોકરીઓ મૈત્રી કરાર કરી લેશે ને ઘરેથી ભાગી જાય છે ૧૮ વર્ષની પણ રાહ જોતા નથી તો ૨૧ વર્ષની કોણ રાહ જોશે ?

૧૮ વર્ષની ઉંમરમાં છોકરીઓનું ભણતર અધૂરું રહી જાય છે તેમને લગ્ન જીવન વિશેની કોઇ રીતની સમજ નથી હોતી જેને લીધે તેમનું ભવિષ્ય પણ બગડે છે. લગ્ન જલ્દી કરી દેવાથી ઘર સંસાર ચલાવવા માં પણ તકલીફ પડે છે .બાળકો પણ કુપોષણ વાળા પેદા થાય છે. તેમજ બાળકો તે યોગ્ય શિક્ષણ પણ આપી શકતા નથી. પોતે ભણેલા ના હોય તો બાળકોને પણ ભણાવવામાં તકલીફ પડે છે. આમ ૨૧ વર્ષની ઉંમરે લગ્ન થાય તો ભણતર પૂરું કરીને પોતે કમાઈને માનભેર પોતાનું જીવન સારી રીતે જીવી શકે છે. પોતાના બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકે. વેચનાર પીન્કીબેન પોતાની સમજથી જણાવવા માંડયા.

જ્યારે ૧૮ વર્ષે દીકરીઓ પરિપક્વ હોતી નથી લગ્ન શું છે તેની પણ સમજ હોતી નથી. નાની ઉંમરે બાળકો થઇ જાય છે તેથી બાળકો પણ કુપોષીત જન્મે છે. નાની ઉંમરે જવાબદારીના બોજા નીચે દબાઈ જાય છે તેનું અસ્તિત્વ જ રહેતું નથી. આખી જિંદગી ઘરકામ અને કુટુંબના દબાણમાં રહીને જીવવું પડે છે. બાળકોને યોગ્ય શિક્ષણ આપી શક્તિ નથી. હાલનો સમય પણ ખૂબ ખરાબ છે મોબાઈલ, ટી.વી.ના કારણે પણ બાળકોમાં વિકૃતિ આવી જાય છે અને તે ના કરવાનું કરી બેસે છે. દીકરીઓ આડા રસ્તે ના જાય તેમજ સમાજમાં આબરૂ પણ સચવાઈ જાય એટલે મા-બાપ દીકરીઓને વહેલી પરણાવી દે છે. ઘણીવાર દીકરીઓ

ભણતી ના હોય ત્યારે મા-બાપને તેને સાચવવાની ચિંતા થતી હોય છે એટલે સમાજમાં પોતાની ઈજ્જત સચવાય જાય તેને લીધે જલ્દીથી લગ્ન કરાવી દે છે પણ પાછળથી આ દીકરીઓને જ ભોગવવાનું આવે છે.

૨૧ વર્ષે લગ્ન કર્યા પછી ઘર કેવી રીતે ચલાવવું અને પોતાના પરિવાર સાથે કેવી રીતે રહેવું તેની સમજ હોય છે. આ ઉંમરે પરિપક્વ થઇ જાય છે જેથી દીકરીઓ પોતાની રીતે જીવનના ઊતાર-ચઢાવમાંથી હિમ્મતભેર સામનો કરીને બહાર આવી શકે છે અને સારું જીવન જીવી શકે છે. જાતે કમાઈને ઘરનું ગુજરાન ચલાવવામાં પણ મદદ કરી શકે છે. બાળકોને સારું શિક્ષણ પણ આપી શકે છે. નેહાબેન સિલાઇકામદારે જણાવ્યું.

૧૮ વર્ષની ઉંમરમાં લગ્ન કરવાથી દીકરીઓનું ભણતર અધૂરું રહી જાય છે તેમને આગળ ભણવાની ઈચ્છા અધુરી રહી જાય છે કારણ કે લગ્ન પછી ભણી શકાતું નથી સાસરીમાં પણ ઉંમર નાની હોવાથી ગૃહસ્થ જીવનની સમજ પણ પુરી હોતી નથી. આગળ જતા ઘરમાં ઝઘડાઓ થતા હોય છે અને ભવિષ્ય પણ બગડે છે. વહેલા લગ્ન થવાથી બાળકો પણ જલદી થઇ જાય છે જેનાથી દીકરીઓ શારીરિક રીતે અશક્ત બની જાય છે અને બાળકો પણ કુપોષીત જન્મે છે. મારા વિચારોથી ૨૧ વર્ષની ઉંમરે છોકરીઓમાં સમજ પણ આવી જાય અને તે પોતાની જિંદગી વિષે સારી રીતે વિચારી શકે અને સારા નિર્ણયો પણ સમજદારીથી લઇ શકે છે. એ વધારે ઉમેરતાં જણાવ્યું કે, ૨૧ વર્ષે લગ્ન થાય તો શિક્ષણ પણ પૂરું થઇ જાય તેમજ યોગ્ય નિર્ણય લેવાની સમજ આવે. શારીરિક રીતે પણ શસક્ત હોય તો કુપોષણ નો ભોગ પણ ના બનાય. છોકરીઓ શિક્ષિત હોય તો બાળકોને સારા વિચારો આપી શકે સારું ભણતર આપી શકે. જો ભણેલા હોય તો પોતે કુટુંબમાં આર્થિક રીતે મદદ કરી શકે.

૨૧ વર્ષે લગ્ન થાય તો આપણે શારીરિક અને માનસિક રીતે સશક્ત હોઈએ આમ કહેતા વેચનાર દિવ્યાબેન. આપણું ભણતર પણ આ ઉંમરે પૂરું કરી શકીએ. આપણે ભણેલા હોઈએ તો જાતે કમાઈ શકીએ આપણું જીવન સુરક્ષિત કરી શકીએ. અને આપણે સ્વમાનભેર જીવન જીવી શકીએ. આપણા બાળકોને સારા સંસ્કાર શિક્ષણ આપી શકીએ. ૧૮ વર્ષે લગ્ન થાય તો ભણતર અધૂરું રહી જાય. આપણે શરીરથી પણ નબળા હોઈએ તો બાળકો પણ નબળાઈ આવે. અત્યારે ટેકનોલોજી વધી છે તો આપણે પણ તેની સાથે જીવતાં શીખવું પડે.

સરકાર હવે દીકરીઓ માટે લગ્નની ઉંમર જે ૧૮ વર્ષ છે તે હવે વધારીને ૨૧ વર્ષ કરવા માંગે છે તે ઘણું જ સારું છે એમ કહેતા બહેરામપુરાના વેચનાર કંચનબેન ચાવડા. કેમ કે આમ કરવાથી માં-બાપને મળતાં મહેણાં તથા લગ્નની ઉતાવળ તેમજ દીકરીઓની અધવચ્ચેથી ભણતર છોડીને પરણાવી દઈએ તેવી માનસિકતા બંધ થઇ જાય. દીકરીઓ ૨૧ વર્ષમાં પૂરી સમજદારી તથા સાસરીમાં જાય તે પોતે કોઈ પણ પ્રકારની જવાબદારી, નિર્ણય લેવા માટે સક્ષમ બની શકે, પોતે પગભર થઈ શકે છે. પરિપક્વ હોવાના કારણે મા-બાપને પણ શાંતિ રહે છે. દીકરી સામાજિક રીત-રીવાજો તેમજ કૌટુંબીક સંબધોનું તેમજ પરિવારનું પણ સારું ઘડતર કરી શકે છે. છોકરીઓના નાની ઉંમરમાં લગ્ન થવાથી અણસમજમાં બાળકો થઇ જતાં બાળકોની અને ઘરની જવાબદારી માથે આવી જતી હોય છે. આમ છોકરીઓમાં આત્મવિશ્વાસની કમીના કારણે તેનું અને બાળકોનું ઘડતર યોગ્ય દિશામાં થઇ શકતું નથી, માટે ૨૧ વર્ષની ઉંમર લગ્ન માટે યોગ્ય છે.

**સંકલનઃ લલીતા**

## માત્ર કાયદો બદલવાથી સમાજમાં મોટો બદલાવ નથી આવી જવાનો

"૨૧વર્ષની લગ્ન માટે ઉંમર ખૂબ જ સારી કહેવાય. લગ્ન માટે જે ૧૮ વર્ષની ઉંમર હતી તેના કારણે ઘણી દીકરીઓને શાળા છોડાવીને લગ્નના બંધનમાં બાંધી દેવામાં આવતી હતી. તે વખતે દીકરીઓની માનસિક પરિસ્થિતિ કોઈ ન સમજતું તે ના તો બરાબર ગૃહસ્થી સંભાળી શકે અથવા ના ભણતર પૂરું કરી શકે છે જેના કારણે તેને આગળ જતાં જીવનમાં ઘણી તકલીફો અને પડકારો સહન કરવા પડે છે. પણ લગ્નના વર્ષ જો ૨૧ થશે તો તે પોતાનું ભણતર પણ પૂરી કરી શકશે અને પોતાના પગ ઉપર ઊભી રહી શકે છે અને સાથે સાથે પોતાની આવડતો વિકસાવવાનો પુરતો સમય મળશે અને પોતાનું જીવન પોતાની રીતે જીવી શકશે." 'આબોદાના' મંડળીના શેર હોલ્ડર અને સિલાઈ કામદાર મનીષાબેને જણાવ્યું.

"મને લાગે છે કે આજે કાયદો છે એ યોગ્ય નથી. ૧૮ વર્ષે જો આપણને વોટ આપવાનો અધિકાર હોય તો લગ્ન કરવાનો પણ અધિકાર એટલો જ અગત્યનો છે. એટલે મને લાગે છે કે દીકરીઓ માટે ૧૮ વર્ષે લગ્નનો કાયદો બરાબર જ છે. કેમ કે અમુક છોકરીઓને કરિયર મહત્વનું હોય તો અમુક ને ફેમેલી અને લગ્ન. ૧૮થી સીધી ૨૧ કરવાથી કન્યાઓને તો તકલીફ પડશે સાથે માતા-પિતા માટે પણ અઘરું બની રહેશે. ૧૮ વર્ષની ઉંમર એટલે રાખવામાં આવી હતી કે છોકરી પુખ્ત વયની થઇ જાય છે અને પોતાના નિર્ણયો મુક્તપણે લઇ શકે છે. હવે શું કામ એ વાત ઉપર નવો કાયદો આવે છે ? દરકે પુખ્ત વયની દીકરીને પોતાના લગ્ન ક્યારે કરવા તેનો નિર્ણય લેવાનો અધિકાર પોતાને જ હોવો જોઈએ" -તળપદા સંશોધક- ક્રિષ્ના

દિલ્હી ક્રેડીટ કોઓપરેટીવના વાઈસ ચેરમેન ઈન્દ્રાવતી કહે, "૨૧વર્ષની ઉંમર લગ્ન માટે યોગ્ય છે. ખૂબ સારો નિર્ણય હશે. કારણ કે જયારે છોકરીઓ ૧૮ વર્ષની હોય છે ત્યારે તો હજી

ભણતી હોય છે, પોતાના ભવિષ્ય માટે હજી વિચારવાનું શરુ જ કર્યું હોય છે અને ત્યારે જો લગ્ન થઇ જાય છે તો તેઓ આગળ નથી વધી શકતા ઘર ચલાવવાની પણ સમજણ નથી હોતી ૧૮ વર્ષે તો!!! પણ ૨૧ વર્ષની ઉંમરમાં તેમને ઉચ્ચ અભ્યાસ અને કામ કરવાનો પણ અનુભવ મળી શકે છે અને પછી જો લગ્ન થાય તો બધી જ જવાબદારીઓ સારી રીતે નિભાવી શકે છે અને પોતાના માટે સાચા નિર્ણયો લઇ શકે છે.''

''૨૧વર્ષની ઉંમર તો ખૂબ જ યોગ્ય કહેવાય, કેમ કે ૧૮ વર્ષની ઉંમરે તો છોકરીઓમાં સમજણ શક્તિ અને નિર્ણય શક્તિની એટલી પરિપક્વતા હોતી નથી. લગ્ન કરીને બીજા ઘરમાં જવું અલગ જ પરિવારમાં પોતાની વાત રજૂ કરવી, રહેવું આ બધું સહેલું નથી હોતું. આથી જ ૧૮ વર્ષની ઉમરે થયેલા લગ્નો કદાચ સારી રીતે ન પણ ચાલે. ૨૧ વર્ષે દુનિયાદારી સમજી શકે છે પોતાના નિર્ણયો જાતે લઇ શકે છે. બીજું કે ૧૮ વર્ષની ઉમરમાં લગ્ન થઈ જાય તો મા પણ જલ્દી બની જાય છે પણ તે ઉંમર તેનામાં આવતા શારીરિક અને માનસિક બદલાવ માટે કદાચ એટલી પરિપક્વ નથી જેથી એનીમિયા, બ્લડ પ્રેશર અને અન્ય આરોગ્યલક્ષી તકલીફો પણ તેણે સહન કરવી પડે છે અને અમૂકવાર બાળક પણ ખોડખાપણ વાળું આવે છે તે બધી તકલીફોથી બચી શકાય જો લગ્નની ઉંમર ૨૧ થઈ જાય તો'' ! આ વાત કરતાં 'આબોદાના' મંડળી, કડી-કલોલના માસ્ટર ક્રાફ્ટ ટ્રેનર આયેશાબેન બોલ્યા.

''આ નિર્ણય યોગ્ય છે એમ કહેતાં, તેજલ પરીખ, શિક્ષિકા. દીકરી પોતાના વિશે સારું નરસું સમજી શકે. પોતાના શરીરમાં થતા ફેરફારો અંગે સમજી શકે. ૧૮ કરતાં ૨૧ની ઉંમરે થોડી વધુ સમજણ શક્તિ હોય જેથી ભવિષ્ય માટે યોગ્ય દિશા પસંદ કરી શકે છે.''

''સારો નિર્ણય કહેવાય, કેમકે ભણવાની અને આગળ વધવાની ઉંમરમાં જો લગ્ન થઇ જાય છે તો જવાબદારીઓ વધી જાય છે. બાળકો પણ જલ્દી થઇ જાય અને પછી પરિવાર પુરતું જ જીવન બની જાય છે. છોકરીઓનો વિકાસ અટકી જાય છે. આથી ૨૧વર્ષ લગ્ન માટે બરાબર છે.'' આમ કહેતાં 'સૌન્દર્ય'- સફાઈ મંડળીના પ્રમુખ સાધનાબેન.

''ખૂબ જ સારું થશે. જે કન્યાઓને આગળ ભણવું હશે તેમને સમય મળશે. જલ્દી લગ્ન થઇ જવાના કારણે આગળ ભણી નથી શકતા અને વળી દીકરા- દીકરી માટે ૨૧ વર્ષ સમાન ઉંમરે લગ્ન થશે તો સમાજમાં દીકરા અને દીકરી વચ્ચેનો ભેદ પણ કદાચ ઓછો થશે'' ગ્રાસરૂટ રિસર્ચર કાજલ.

''આ ખૂબ જ સારો નિર્ણય છે. મને લાગે છે કે આ નિર્ણય એ તમામ છોકરીઓ માટે સારો સાબિત થશે જે પોતાના સફળ ભવિષ્ય માટે કંઇક કરવા ઈચ્છે છે અને પગભર થવા ઈચ્છે છે. નાની ઉંમરમાં લગ્ન થઇ જવાથી જવાબદારીઓનો ભાર આવી જાય છે અને પોતાના સપના છે તે પૂર્ણ થઇ શકતા નથી. પોતાની મરજી મુજબ જીવન જીવવાની સ્વતંત્રતા મળતી નથી અને પોતે જે કરવા ઈચ્છે છે તેનાથી મન વાળી લેવું પડે છે. આનો સૌથી મોટો ફાયદો એ થશે કે છોકરીઓ આત્મનિર્ભર બની શકશે અને તેના માટે તેને સમય મળશે. છોકરીઓ જો ભણીગણીને આગળ આવશે તો ફક્ત તેના પોતાના ઘરનું નહિં પરંતુ આખા દેશનું માન વધશે અને આવા પ્રકારના નિર્ણયોથી ચોક્કસ મદદ મળે છે.'' આવી વાત કરતાં 'સેવા' દિલ્હીના નૈનાઝા.

''૧૮વર્ષની ઉંમરે તો હજી ભણવાનું ચાલતું હોય અને પુરતી સમજણશક્તિ પણ નથી હોતી. ૨૧વર્ષની ઉંમર બરાબર છે. ઘરની અને સમાજની જવાબદારીઓમાંથી મુક્ત રહીને પોતાના માટે વિચારવાનો, આગળ વધવાનો અને પોતાના નિર્ણયો લેવાનો પુરતો સમય મળે છે. ૧૮વર્ષે લગ્ન થાય તો પોતાની મરજી મુજબનું જીવન નથી મળતું, સ્વતંત્રતા નથી મળતી. પતિ ઉપર પરાધીન થઈને શોષણયુક્ત જીવન જીવવું પડે તેનાથી સારું તે પોતાની રીતે પગભર થઈને જીવન જીવે''- મેઘા મંડળી, વ્યારા- તાપીના આગેવાન રવીના ચૌધરી.

''ખૂબ સારો નિર્ણય છે ૧૮ વર્ષની ઉંમરે તો સમજણ શક્તિ હોતી નથી અને પરિવાર ચલાવવાની જવાબદારી ન નિભાવી શકે. વળી શારીરિક રીતે પણ તૈયાર નથી હોતી પણ ૨૧ વર્ષે આવી સમસ્યાઓ ઉભી થતી નથી.''- જયરાજબા વાઘેલા, દૂધ ઉત્પાદક મંડળી, પેથાપુરના સેક્રેટરી.

''મારા માતે દીકરીઓ માટે લગ્નની વય વધારવાનો નિર્ણય ખૂબ જ સારો નિર્ણય છે. માતા-પિતા ૧૮ વર્ષની ઉંમર થાય એટલે લગ્ન કરવવા માટે ઉતાવળ કરવા લાગે છે, જ્યારે છોકરીઓમાં હજી આ ઉંમરે તો પૂરતી સમજણ શક્તિનો તો વિકાસ થયો જ નથી હોતો. આ ઉંમરે તો હજી એ ભણતી હોય છે અને પોતાના ઘરના જ વાતાવરણ સાથે પરીચિત હોય છે. જ્યારે ૨૧ વર્ષની ઉંમર હોય તો તેમનું ભણતર પણ પૂર્ણ કરી શકે છે અને એકાદ વર્ષનો ક્યાંક કાર્ય કરવાનો, દુનિયાને ઓળખવાનો અનુભવ મેળવી શકે છે. આ ઉંમરે તેમની નિર્ણય શક્તિનો પૂર્ણ ઉપયોગ કરી શકે છે. પોતાના જીવનમાં આગળ શું કરવું? પોતાની જવાબદારીઓ અને વ્યવહાર કુશળતાનો પૂર્ણ ઉપયોગ કરી શકે છે. બીજું કે આ ૧૮ વર્ષ વાળો કાયદો છે પણ હજુ પણ સમાજ માં બાલલગ્નો થાય જ છે તો શું આ ૨૧ વર્ષ કરવાથી બાલ લગ્નો અટકી જશે ? મને લાગે છે સરકારે આ કાયદો બદલવાની જગ્યાએ જે લોકોની માનસિકતા અને મૂળમાં જે કારણો છે તેના ઉપર કામ કરવાની જરૂર છે.'' આમ કહેતા 'હોમકેર' મંડળીના મેનેજર, મીનાક્ષી ઠાકોર.

દીકરીઓના લગ્ન માટે ૧૮ વર્ષથી ઉંમર વધારીને ૨૧ વર્ષ કરવાનો પ્રસ્તાવ પહેલી નજરે દીકરીઓ માટે સારો હોય તેમ લાગે છે પરંતુ માત્ર એક કાયદો બદલવાથી સમજમાં મોટો બદલાવ નથી આવી જવાનો. દીકરીઓના શિક્ષણ, તેમને લગતા કાયદાઓ માટેની જાગૃતિ, તેમના આરોગ્યલક્ષી પ્રશ્નો, માતા-પિતા અને સમાજની માનસિકતા બદલવા જેવા મુદ્દાઓ ઉપર ઘણું કામ કરવાની જરૂર છે. આખરે તો દરેક પુખ્તવયની દીકરીને પોતાની રીતે જીવન જીવવાનો અધિકાર છે તે તેનાથી છીનવાવો ના જોઈએ.

**સંકલનઃ વિણા શર્મા**

## 'દિકરી સાપ નો ભારો' નહીં પણ માતા-પિતાનું ગર્વ છે

દહેગામ ગામનાં ફાલ્ગુનીબેન પટેલ સિલાઇકામદાર છે એમનું માનવું છે કે, દિકરીઓની લગ્નની વય ૨૧ વર્ષની હોવી જ જોઈએ. કેમકે ૨૧ વર્ષ સુધીમાં દિકરીઓનું ભણવાનું પુરું થાય, તેઓમાં પરિપક્વતા આવે તથા આજનાં જમાનાં સામે લડાઈ લડવા માટે તે સક્ષમ થઈ શકે તો દિકરીનાં લગ્નની વય ૨૧ વર્ષ હોવી જોઈએ એવું મારું માનવું છે.

હું પણ એવું કહું છું કે, છોકરીઓનાં લગ્નની વય ૨૧ હોવી જોઈએ. કેમ કે એક તો દિકરીનો અભ્યાસ સંપૂર્ણ પુરો થાય અને એનામાં પૂરી દુનિયાદારીની સમજ આવે, ઘરની પરિસ્થિતિનો ખ્યાલ આવે અને લગ્ન થાય તો તેનાં બાળકોનો ઉછેર સારી રીતે કરી શકે તથા પરિવારને પણ તેની સૂજબૂજ અને શાનથી રહી શકે. આમ કહેતાં નાંદોલ ગામના ખેતમજુર કાજલબેનનું કહેવું છે.

સોજા ગામનાં કામિનીબેન વાઘેલાનું આ સંદર્ભે પોતાનું મંતવ્ય છે કે મારી મા 'સેવા'માં સભ્ય હતાં અને હું પોતે પણ સેવા સાથે જોડાયેલી છું. હું પોતે દરબાર સમાજની છું અને અમારા સમાજમાં બહું જ જુનવાણી પ્રથાઓનો સામનો કરવો પડે છે. આ પ્રથાઓનો મારા પરિવારે સમજી મને ભણાવી અને હાલ પણ હું અભ્યાસ કરી રહી છું તથા સાથે સાથે સેવા સાથે જોડાયેલી છું. મારું તો એ જ માનવું છે કે દિકરીઓને સારી રીતે ભણાવી પગભર કરી તેને આજનાં જમાનામાં પરિવાર સાથે રહેવાની ક્ષમતા અને સમજદારી મેળવવા માટે દિકરીનાં લગ્નની વયમર્યાદા તો ૨૧ વર્ષ જ મારા મંતવ્ય મુજબ ચોક્કસપણે બરાબર છે.

મહેસાણા જિલ્લાના ખેતમજુર રશ્મીકાબેન કહે, ૨૧ વર્ષે લગ્નની વયમર્યાદા બરાબર છે કારણ કે, નાની વયે લગ્ન કરે તો શારીરિક રીતે પણ ઘણી તકલીફો ઊભી થતી હોય છે. પરંતુ ઘણીવાર મા-બાપની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેમજ મોંઘવારી અને એક ખર્ચમાં બે કામ પતી જાય તેવું માનીને પણ મોટી દીકરીની સાથે નાની દીકરીને પરણાવી દેતા હોય છે.

અત્યારે હાલના જમાના પ્રમાણે જ્યાં ત્યાં કિસ્સાઓ બનવાના કારણે પણ મા-બાપ પોતાની દીકરીઓના ૧૮ વર્ષની વયે લગ્ન કરી દેતા હોય છે પરંતુ, હવે દરેક જ્ઞાતિમાં જાગૃતિ આવી છે. ભણતરનું સત્ર વધ્યું છે એટલે મોટા ભાગે લગ્ન ૨૧ વર્ષે કરે છે અને તેથી વધુ ઉંમરે પણ લગ્ન કરે છે.

પહેલાંના જમાનામાં ૧૮ વર્ષે દીકરીને પરણાવી દેતા અને દીકરીઓને એટલું ભણાવતા નહી. હાલમાં ભણતરનું મહત્વ વધ્યું છે અને દીકરીઓને ભણાવવા પણ લાગ્યા છે. તો દીકરીઓને પરણાવવાની ઉંમર ૨૧ વર્ષની થાય તો તેઓ સારી રીતે ભણી શકે પગભર બને અને પછી લગ્ન કરે જેથી તેમનું ભવિષ્ય સુધરે અને પોતાનું અને તેમના પરિવારની જવાબદારી પણ સારી રીતે સંભાળી શકે. નાની ઉંમરે પરણી જાય તો ઘરની અને બાળકોની જવાબદારી આવી જાય છે તેથી ભણવા માટે વિચારી શકતી નથી. પોતાનું આખું જીવન બસ આજ જવાબદારીમાં વિતાવી દે છે.

આ વાતમાં ઉમેરતા પશુપાલનનું કામ કરતાં આશાબેન કહે, પહેલાના સમયમાં ૧૮વર્ષેની દિકરી થાય એટલે લગ્ન કરી શકાય, તે પહેલાં કરે તો ગુન્હો થતો. પરંતુ છતાં અમુક લોકો ૧૭ વર્ષની દિકરી થાય એટલે લગ્ન કરી દેતા હોય છે. પહેલા દિકરીને એક બોજ, જવાબદારી સમજતા હતા. બીજું કારણ એ પણ હતુ કે દિકરી શારીરિક રીતે લગ્ન માટે તૈયાર ન હતી. માનસીક રીતે પણ તે પોતાના નિર્ણય લઈ શકતી ન હતી. દિકરી ને ગાય દોરે ત્યાં જાય જ્યાં માતા-પિતા કહે ત્યાં લગ્ન કરી લેતી. નાની ઉંમર મા માતા પણ બની જતી તેનાથી માતા અને બાળકનું મરણ થતું. દિકરીને ભણવા પણ ન મોકલતા ૭ ધોરણ સુધી જ ભણાવતાં એટલે શિક્ષણનું પ્રમાણ પણ ઓછું હતું.

હાલની વાત કરીએ તો દિકરીને દિકરાની બરાબર સમજવામાં આવે છે. બીજું કે ૨૧વર્ષની ઉંમરે દિકરી નો શારિરીક, માનસિક, વિકાસ થયો હોય તે પોતે પરિપક્વ હોવાથી તે ભવિષ્ય નો નિર્ણય સારી રિતે લઈ શકે છે. ૨૧ વર્ષની ઉંમર એ પોતે પોતાના સાચા ખોટાનો નિર્ણય લઈ શકે છે માતા પિતા ને પોતાની પસંદગી જણાવી શકે છે. દિકરીને માતા-પિતા આગળ ભણવા દેવામાં આવે છે. એટલે શિક્ષિત હશે એટલે હવે ૨૧ વર્ષની ઉંમરે લગ્ન થશે તો બાળક નો સારો વિકાસ કરી શકે તેથી માતા સ્વસ્થ તો બાળક સ્વસ્થ અને બાળક સ્વસ્થ તો આપણું યુવાધન સ્વસ્થ. 'દિકરી સાપ નો ભારો' નહીં પણ માતા-પિતાનું ગર્વ છે. હાલમાં તો દિકરી જ દિકરાની ગરજ સારે દિકરી પગભર હશે તો છે. દિકરી માતા-પિતાની ઘડપણની લાકડી બને છે અને સમાજમાં પણ ફેરફાર લાવી શકે છે.

૨૧મી સદી અને પ્રવર્તમાન સમય ને ધ્યાને લેતા એકજોતા આ સુધારો ખૂબ સારું પગલું કહેવાય કારણે કે, પહેલા દીકરીની

ઉંમર ૧૮વર્ષ ની હતી જેમાં દીકરી ધોરણ ૧૨ પછી નો ઉચ્ચ અભ્યાસ ના કરી શકતી, પરંતુ ૨૧ વર્ષ નો કાયદો બને તો દીકરી ઓ ને ઉચ્ચ અભ્યાસ કરવાની તક મળે અને તેની સમજ ખૂબ સારી કેળવાય. કેટલીક બાબતો અને સામાજિક રૂઢિ સારી રીતે સમજી શકે. ઉપરાંત પહેલા અને અત્યાર સુધી જે દીકરીઓ ના લગ્ન ૧૮ વર્ષ કે તેના-પહેલા કરવામાં આવતા તે બાળકની સંભાળ માટે કેટલાક અંશે સક્ષમ નથી હોતી તેથી બાળક માં કુપોષણ ના પ્રશ્નો પણ જોવા મળે છે. જો આ કાયદો ૨૧ વર્ષ નો થાય તો, સામાજિક રીતે દીકરીની સમજ અને શિક્ષણ બંને પર સારી અસરો જોવા મળશે.

નકારાત્મક બાબત જોઇએ તો કેટલાક સમાજ હજી પણ બાળલગ્નના કાયદાનું ઉલ્લંઘન કરતા જોવામળે છે જે દીકરી સમજ અને શિક્ષણ ને ધ્યાને લીધા વિના દીકરીના લગ્ન કરાવે છે તેવા સમુદાયો ને આ વાત સ્વીકારવા તકલીફ પડે છે.

એકંદરે જાણવા મળ્યું કે આ કાયદા થી આવનાર પેઢી માટે ખૂબ જ સારી અસરો જોવા મળશે.

સાગવાડા ડુંગરપુરના રહેવાસી અને ખેતીકામ કરતાં રિતીકા કહે, હું તો એટલું જ કહીશ કે, સરકારે જે ફેસલો લેવાનો નક્કી કર્યો છે તે ભલે મોડેથી કર્યો પણ સાચો જ કર્યો છે. જે છોકરીઓ ભણવા માંગતી હોય છે તે ભણી નથી શકતી. ઓછામાં ઓછુ ગ્રેજ્યુએટ સુધી તો ભણી શકશે. પહેલા સરકારે છોકરીઓના લગ્નની ઉંમર ૧૮ વર્ષ રાખી હતી તે નાની કહેવાય. ૧૮ વર્ષે માંડ ૧૨મા ધોરણમાં પહોંચ્યા હોય એને દુનિયાદારીની કોઇ સમજ ના હોય. ૨૧ વર્ષની ઉંમરે પોતાના જીવનમાં આગળ શું કરવું શું નહીં તેની થોડી ઘણી સમજદારી આવી જાય છે. ઘણા લોકો ૧૮ વર્ષની ઉંમર થાય એટલે છોકરીઓને પરણાવી દેતા હોય છે. લગ્ન થાયને નાની ઉંમરમાં જ મા બની જાય છે અને ઘણી વાર બાળકને જન્મ આપતાની સાથે માતાનું મૃત્યુ પણ થઇ જાય છે.

ઘરેલુ હિંસાના કાયદા અને પોતાના અધિકારોને છોકરીઓ સમજી શકશે. પોતાના માટે અવાજ ઉઠાવી શકશે, સારી નોકરી કરી પોતાના પગભર થઇ શકશે.

૨૧ વર્ષના કાયદાના અમલથી દરેક વર્ગ અને પરિવારોમાં અલગ અસર પડશે. કેમ કે ઘણા ઘરોમાં ગરીબીને લીધે છોકરીઓના લગ્ન વહેલા કરી દેવામાં આવે છે. મા-બાપ વિચારે કે છોકરી સાસરે જાય પોતાનું જીવન સુખશાંતિથી જીવે. પણ આપણે તો સમાજને બદલવો છે, કેમ કે આજે બધી જગ્યાએ છોકરીઓ આગળ છે પણ હા આપણે તેમને સાથ આપીશું તો ઘણું બધુ કરી બતાવશે.

**સંકલનઃ નીરૂ સેનમા, ભાવિની મહેતા**

❑

# નવા સુધારા થવા જ જોઇએ

સરકાર નવા સુધારા કરવા જઇ રહી છે જેમાં, આ એક મોટો સુધાર છે જે સૌને લાગુ પડે છે. અત્યાર સુધી દીકરીઓના લગ્નની ઉંમર ૧૮ વર્ષ હતી જે હવે ૨૧ વર્ષ થશે.

આ બાબતે આપણી શ્રમજીવી બહેનો અને દીકરીઓની સાથે વાત કરીને જાણ્યું તો, બાપુનગરના કડિયા કામદારન હંસાબેન કહે, ''સરકાર નઇત-નવા કાયદા લાવે છે તે અમારી તો ચિંતા વધે છે. હજુ તો માંડ બે દીકરીઓને પરણાવીને સાસરે વળાવી છે તે બીજી બે દીકરીયુમાં ૭થી ૧૦ વરહ રાહ જોવાની રહેશે. જે અમને ના પોસાય. દીકરીઓને સાચવવી તે સાપના ભારા બરાબર હો કે! મારે નાની-મોટી ચાર દીકરીઓને એક દીકરો છે અને મારા ઘરવાળા ફાલતુ મજૂરી કરે છે. આ મોંઘવારીના વખતમાં કામધંધા કર્યા વીના ચાલે નહી.''

હંસાબેનની દીકરી કુસુમ ૯માં ધોરણમાં ભણે છે. તેને પૂછયું કે હવે લગ્ન માટે ૧૮ વર્ષની જગ્યાએ ૨૧ વર્ષનો કાયદો કરવામાં આવે તો કેવું રહેશે? કુસુમ આનંદમાં આવીને કહે ''હાશ હવે હું શાંતિથી મારું ૧૦ ધોરણ ભણી શકીશ. મારા મા-બાપે તો મારી બેનોને નથી ભણવા દીધી. માંડ ૭-૮ ધોરણ ભણાવીને બસ લગ્ન કરાવી દીધા છે. હા પણ મારે તો ભણવું છે જો આવો કાયદો બદલાય તો સારું થાય તો મારા જેવી કેટલીએ મારી બેનપણીઓને પણ એમના ઘરના ભણવાની ના પાડે છે ખબર નઇ કેમ ?

આ બાબતે હંસાબેનની બાજુમાં રહેતાં અને બાપુનગર પાસે હિરાવાડી પાઉડરની ફેક્ટરીમાં કામ કરતાં લીલાબેનને પૂછયું કેમ આપણે દીકરીઓને વધારે ભણાવતા નથી તો કહે, ''અત્યારનો સમય જોતા તો બસ થોડુ ભણીને પરણાવી દેવી એમા જ સારું છે નઇ તો મા-બાપને વગર મોતે મરવાનો વારો આવે છે એવો વખત આવી ગયો છે. જયાં જોઇએ ત્યાં બસ એવી જ વાત સાંભળવામાં આવે કે, એક છોકરી-છોકરો ભાગી ગયાને પ્રેમ લગ્ન કરી લીધા. કા તો, એવું જોવા મળે કે કોઇ છોકરી કોઇ છોકરાના પ્રેમમાં હતીને ઘરના ના કહેતાં છોકરીએ ગળા ફાંસો ખાધો હોય, યા તો દવા પીને આત્મહત્યા કરી લીધી હોય. એટલે મા-બાપ ડરના માર્યા છોકરીઓને નાની ઉંમરમાં પરણાવી દેતા હોય છે. જેથી પોતાની ઇજ્જત-આબરુ સચવાય રહે છોકરીઓની જિંદગી ના બગડે એનો પણ વિચાર કરતાં હોય છે.

હિરાવાડી વિસ્તારમાં હિરાનું કામ કરતાં વૈભવીબેન સાથે આ બાબતે ચર્ચા કરી તેમાણે જણાવ્યું કે, મારા જ ઘર કુટુંબમાં એક આવી જ બાબત બની છે. તેના પરથી જ મને વિચાર આવે છે કે કાયદામાં સુધાર થવો જોઇએ.

આપણા દેશમાં હાલમાં યુવાનો અને યુવતીઓમાં જોઇએ તો ઘણા ખરા પ્રેમ લગ્ન કરતા હોય છે જે, મા-બાપની મરજી

વગર કરવામાં આવે છે. રોજે રોજ છાપામાં ટીવી પર સમાચાર સાંભળીએ તો એક આવી વાત તો હોય જ છે એ પછી, ગામ હોય કે શહેર બધે જ એક માત્ર પ્રશ્ન પ્રેમલગ્નનો આવી જાય છે. આનું એક જ કારણ, આપણા દેશનો લગ્ન ધારો. જેમાં, છોકરીઓની ઉંમર ૧૮ વર્ષ થી વધુ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષ થી વધુ ની છે. છોકરી માટે ૧૮ વર્ષની ઉંમર બહુ ઓછી કહેવાય એવું મને લાગે છે. કેમ કે, બાળકોનું ભણતર ૧૫થી ૧૮ વર્ષનું હોય છે. જેમાં પ્રાથમિક શિક્ષણ ૮ વર્ષ, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક ૪ વર્ષ અને ઉચ્ચતર શિક્ષણ ૩થી ૫ વર્ષનું હોય છે. એટલે કે છોકરીઓની લગ્ન મર્યાદાની ઉંમર નહી પણ એટલા વર્ષ શિક્ષણ ના છે. માટે જો છોકરી ૧૮ વર્ષની ઉંમરે પ્રેમલગ્ન કરી લે કે મા-બાપની મરજી વગર લગ્ન કરે તો મા-બાપ જે સગા-સંબંધી કશુ જ કાયદેસર કરી શકતાં નથી અને છોકરીનો અભ્યાસ બગડે છે. અને છોકરીઓ સારી નોકરી મેળવી શકતી નથી. અને જે છોકરી એ છોકરા સાથે લગ્ન કરી લીધા હોય તે છોકરાને પુરી રીતે જાણતી પણ નથી હોતી. ઓછું ભણેલો હોય, વ્યસની હોય તો છોરીનું જીવન બગડે છે. એક વ્યસની છોકરો જો કમાતો હોય તો તેની મોટા ભાગની કમાણી પોતાના દારુ-જુગારના વ્યસનમાં જાય અને ઘરખર્ચમાં કંઇ આપી ના શકે કે ઓછું આપે તેથી છોકરીઓને ઘર ચલાવવું મુશ્કેલ પડે છે. અને એમાં પણ જો તેને બાળક થઇ જાય તો વધુ મુશ્કેલી. આવા સમયમાં તે પોતાના મા-બાપ પાસે પણ ન જઇ શકે અને પોતાનું જીવન પણ સારી રીતે ના જીવી શકે તેવું મનમાં લાગતાં અમુક છોકરીઓ આત્મહત્યા કરી લે છે તો કોઇ છોકરીઓ પછતાઇને પાછી મા-બાપ પાસે જતી હોય છે.

હવે જ્યારે છોકરા-છોકરી મા-બાપની મરજી વગર લગ્ન કરી લે છે ત્યારે મા-બાપ ઉપર શું વીતે છે એ તો ભગવાનને જ ખબર હોય. જે મા-બાપ પોતાની છોકરી માટે દિવસ-રાત કામ કરીને છોકરીને સારું શિક્ષણ અપાવવા માંગતા હોય તેમને તો કંઇ સુઝતુ નથી. શું કરવું ને શું ના કરવું. જો છોકરીને ૧૮ વર્ષની ઉંમરે લગ્ન કરી નાખે તો છોકરીને પુરતું શિક્ષણ નથી મળતું. અને જો તેને પુરતું શિક્ષણ અપાવવાની કોશિશ કરે અને જો છોકરી આ સમય દરમ્યાન જો મા-બાપની જાણ બહાર પ્રેમ લગ્ન કરી લે છે ત્યારે મા-બાપે છોકરીના જન્મથી ૧૮ વર્ષની થઇ હોય ત્યાં સુધી કરેલી માવજતનું શું ? છોકરીઓ લગ્ન કરીને પોતાના મા-બાપને તરછોડીને જતી રહે છે ત્યારે મા-બાપ આ ૧૮ વર્ષના કાયદા મુજબ કશુ જ કરી શકતાં નથી. ૧૮ વર્ષની ઉંમર હોય એટલે કાયદો તેને યુવાન(પુખ્ત) માને છે અને તેમનું જગત રક્ષણ રક્ષણ કરે છે.

મા-બાપ, સગા-સંબંધીનું કશુ જ નથી ચાલતું. આવા સમયમાં જો છોકરીના સંબંધીઓ આવેશમાં આવી જઇને કંઇ મારઝૂડ કરે તો કાયદેસર રીતે તેમના પર કેસ બને છે. અને તેમને સજા પણ થઇ શકે છે. આવામાં માતા-પિતા કે સગા-સંબંધીના જીવન બગડે છે અને સમાજમાં પોતાની રીતે ઇજ્જત ભર્યુ જીવન જીવી શકતાં નથી.

તાજેતરમાં ૧૫ માર્ચ ૨૦૨૨ના રોજ સાણંદ તાલુકાના એક ગામમાં છોકરીના ભાઇને અમદાવાદ સેસન્સ ડિસ્ટ્રીક્ટ કોર્ટે ફાંસીની સજા સંભળાવી છે અને એવું કારણ આપ્યું કે, હાલમાં મહિલાઓને પોતાની રીતે તેના સગા-સંબંધી જીવવા દેતા નથી. અને મહિલાને પોતાના પગની જુતી સમજે છે આ કેસમાં છોકરીના ભાઇએ તેની બેન અને તેની સાથે લગ્ન કરનાર છોકરાને મોતને ઘાટ ઉતારી દીધેલ છે.

હવે કાયદામાં આવી જોગવાઇ હોવાના કારણે મા-બાપ કે તેના સગા-સંબંધીને પોતાનું જીવન પણ બગાડવું પડે છે. માટે હવે આપણે આપણા કાયદામાં સુધારો કરવો તાત્કાલિક જરૂરી છે. જો આવું ટૂંક સમયમાં નહિં થાય તો આવા ઘેર ઘેર કેસ બનશે અને આપણા દેશની દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકશે નહી અને જે દેશની મા શિક્ષિત, સ્ત્રી શિક્ષિત નહી હોય તે દેશ દુનિયામાં પોતાનું સ્થાન મજબૂત કરી શકશે નહી. અને જે સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ મેળવેલ નહી હોય તે પોતાના બાળક કે સંતાનોને કઇ રીતે આગળ લઇ જઇ શકે ? માટે આ કાયદો સુધારવો જરૂરી છે. માટે મારી નમ્ર અરજ છે કે, સરકારને આ કાયદામાં જલ્દીથી જલ્દી સંશોધન કરવું જરૂરી છે.

**- ગોમતી**

## સેવા સમાચાર

'શ્રી લોક સ્વાસ્થ્ય સેવા સહકારી મંડળી' દ્વારા ચાંદખેડા વિસ્તારમાં તા.૧ માર્ચ ૨૦૨૨ના રોજ આયુર્વેદ ક્લીનિક કમ સ્ટોર 'લોક સ્વાસ્થ્ય સંજીવની'ના નામથી શરૂ કરવામાં આવી. જેમાં આયુર્વેદ દવાઓની સાથે નિષ્ણાંત વૈદ્ય દ્વારા તપાસ ઉપરાંત શિરોધારા, નસ્ય, મસાજ તેમજ પંચકર્મ દ્વારા સારવાર કરવામાં આવશે. આ ઉપરાંત બી.પી., ડાયાબીટીશ, કોલેસ્ટોરલ, ડેન્ગ્યુ, ચીક્નગુનીયા, મેલેરીયા જેવા વિવિધ લોહીના રિપોર્ટ પણ કરવામાં આવશે.

આજની આત્મવિનાશક મોંઘવારીની સામે લડીએ.
કેવી રીતે ?
ખરીદી ઓછી કરીએ.
વપરાશ ઘટાડીએ.
ભાંગ્યુ તૂટયું સાંધી સુંધી, રીપેર કરીને ફરી વાપરીએ.
ચીજવસ્તુ સહેજ સહેજમાં ફેંકી ન દઇએ.
આટલું તો આપણે કરી શકીશું ને ?

ઇ.

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23
Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
22-3-22

## અનસૂયા

- ૪૦માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-3-2022

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001